અપીલ અરજી નં.૧૩૭ તા.૧૭ –૭–૧૦/૧૧

અરજદારઃ શ્રી દેવરે કડુ રામચંદ્ર
સામાવાળાઃ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દેવરે કડુ રામચંદ્રની તા.૨૫–૫–૧૦ ની અરજીથી સર્વે નં.૧૫/૧,૧૫/૨, પૈકી પ્લોટ નં.૧૮–બી અને ૧૯–એ માલિક કડુ રામચંદ્ર દેવરે જેને આપેલ આજ સુધીની નોટીસો તેના વિરૂધ્ધમાં આવેલ અરજીઓની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૩૭/૨૦૧૦–૧૧

શ્રી દેવરે કડુ રામચંદ્રની તા.૨૫–૫–૧૦ ની અરજીથી સર્વે નં. ૧૫/૧, ૧૫/૨, પૈકી પ્લોટ નં.૧૮–બી અને ૧૯–એ માલિક કડુ રામચંદ્ર દેવરે જેને આપેલ આજ સુધીની નોટીસો તેના વિરૂધ્ધમાં આવેલ અરજીઓની નકલ ની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૦૭૦ તા.૨૫–૬–૧૦ થી આપેલ માહિતી કલમ–૮ ના અપવાદ હેઠળ કરેલ ઈન્કાર બાબતે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ /૫૨૩ તા.૨૬–૭–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/આ./૧૭૬૪ તા.૨–૮–૧૦ થી માહિતી પુરી પાડેલ છે. જેમાં અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારે રૂબરૂ રજુઆત કરેલ તેની જાણ કરતો પત્ર, અરજદારને નકલ ફી પેટે ₹૬/– ભરવા અંગેની જાણ કરતો પત્ર, રસીદ નં.૮૫૮૧ તા.૨૪–૬–૧૦ થી ₹૬/– ભર્યાની પહોંચની નકલ, રીપોર્ટની નકલ, અરજદારને પત્ર નં.સાઈ.ઈ.ઝોન/ મહેકમ/૧૦૭૦ તા.૨૫/૬/૧૦ થી આપેલ માહિતીના પત્રની નકલ, નં.સા.ઈ.ઝો./૭૦૩૫ તા.૧૧–૨–૦૮, નં.સા.ઈ.ઝો./૭૦૩૬ તા.૧૧–૨–૦૮ થી આપેલ મનાઈ હુકમના પત્રની નકલ ,નં.ટી.ડી.ઓ.૭૭૪ તા.૨૪–૫–૧૦ થી આપેલ નોટીસની નકલ, પહોંચની નકલ,અરજદારે તા.૧૬–૭–૧૦ ના રોજ કરેલ અપીલની નકલ વિ. વિગત પહોંચતી કરવામાં આવેલ છે.

અરજદારે તા.૨૫–૫–૧૦ ની અરજીથી સર્વે નં.૧૫/૧,૧૫/૨, પૈકી પ્લોટ નં.૧૮–બી અને ૧૯–એ માલિક કડુ રામચંદ્ર દેવરે જેને આપેલ આજ સુધીની નોટીસો તેના વિરૂધ્ધમાં આવેલ અરજીઓની નકલ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.સાઈ.ઈ.ઝોન/ મહેકમ/૧૦૪૦ તા.૨૩/૬/૧૦ થી ₹૬/– ભરી નકલ લઈ જવા પત્ર થી જણાવેલ. જે અરજદાર ધ્વારા રસીદ નં.૮૫૮૧ તા.૨૪–૬–૧૦ થી ભરવામાં આવેલ. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.સાઈ.ઈ.ઝોન/ મહેકમ/૧૦૭૦ તા.૨૫/૬/૧૦ થી માહિતી આપવામાં આવેલ જેમાં લિંબાયત સંજયનગરનો સર્વે નં.૧૫/૧, ૧૫/૨ નથી. પરંતુ અરજદાર ધ્વારા ઝોન શહેર વિકાસ વિભાગમાં રૂબરૂ રજુઆત કર્યા મુજબ, પરવટના સર્વે નં.૧૫/૧, ૧૫/૨ રત્નપ્રભા સોસાયટીના ૧૮–બી તેમજ ૧૯–એ વાળી મિલકતમાં આવેલ નોટીસની માંગણી કરેલ છે. જેની નકલ નંગ–૩ આપેલ છે. જયારે અરજદારે મિલકતમાં આવેલ ફરીયાદ અરજીની નકલ માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આ માહિતી (નકલ) આપવાથી અન્ય વ્યકિતની જીંદગીને જોખમરૂપ હોય, આરટીઆઈ એકટની કલમ ૮(જી) મુજબ આપી શકાય તેમ નથી. એમ જણાવેલ. જેના સંદર્ભે અરજદારે જાહેર માહિતી અધિકારીએ કલમ–૮ (જી) હેઠળના અપવાદ હેઠળ ઈન્કાર કરેલ હોવાની માહિતી આપેલ તેના સામે નારાજગી વ્યકત કરી તા.૧૭–૭–૧૦ ના રોજ અપીલ કરેલ છે. જેમાં માંગેલી માહિતી કઈ રીતે ૮(જી) માં પડે તે સમજાવી શકતા નથી. સાંપ્રત પરિસ્થિતી અને હાલતની માહિતી સદર કાયદા અન્વયે માહિતી પુરી પાડવાની ફરજ છે તેવુ જણાવે છે. જે બાબતે આરટીઆઈ એકટની કલમ–૮ (૧)(જી) કોઈ વ્યકિતની જિંદગી અથવા શારીરિક સલામતી જોખમમાં મૂકે અથવા કાયદાની અમલ બજવણી માટે અથવા સુરક્ષાના હેતુસર ખાનગી રાહે આપેલી માહિતી અથવા સહાયનો સ્ત્રોત ઓળખાઈ જાય તેવી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ. જેમાં અરજદારે તેના વિરૂધ્ધમાં આવેલી અરજીઓની નકલની તમામ માહિતી અને પુરાવાની માંગણી કરેલ છે. જે વ્યકિતએ કાયદાના અમલની બજવણી માટે અથવા તો સુરક્ષાના હેતુસર ખાનગી રાહી આપેલી માહિતીમાં ગણાવી શકાય વધુમાં જો આવી માહિતી પુરી પાડવામાં આવે તો ફરીયાદ કરનાર વ્યકિતની શારીરીક સલામતિ કે જીવનને જોખમરૂપ બનાવી શકે આથી જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણય કાયદાના હાર્દ અને જોગવાઈ સાથે સુસંગત છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી આરટીઆઈ કાયદાની કલમ–૮(૧) જી મુજબ જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણય કાયદા સાથે સુસંગત હોય બહાલ રાખવામાં આવે છે. અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૧૦.

ડે.કમિશ્નર(સ્પે.),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી દેવરે કડુ રામચંદ્ર